ટપક
MONTHLY UPDATE
September
2026

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ ૨૦૨૬-૨૭

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર (એસએસકેકે), અમરેલીને ક્લાઇમેટ ચેન્જ એવોર્ડ્સ ૨૦૨૬-૨૭ દ્વારા ગૌરવપૂર્ણ સન્માન પ્રાપ્ત થયું છે. ગુજરાત સરકારના ક્લાઇમેટ ચેન્જ વિભાગ દ્વારા GEDAના સહયોગથી એનાયત કરાયેલ આ સન્માન, પર્યાવરણ સંરક્ષણ, આપત્તિની પૂર્વતૈયારી અને ટકાઉ વિકાસ ક્ષેત્રે સંસ્થાના સતત પ્રયાસોની કદર કરે છે. આ સિદ્ધિ સંસ્થાની સફરમાં એક ગૌરવપૂર્ણ અને યાદગાર સીમાચિહ્ન છે.













CEDA

GOVERNMENT OF GUJARAT
Climate Change Department

CLIMATE CHANGE AWARDS 2026-27

Certificate

This is to certify that **Shikshan ane Samaj Kalyan Kendra, Amreli** has been awarded the **3rd Prize** in the category of **Awareness** by the Climate Change Department, Government of Gujarat.

This Award has been presented on **16th September 2026** on the occasion of **Climate Change Awards 2026-27** jointly by **Shri Arjun Modhwadia** Hon'ble Minister, Climate Change, Government of Gujarat and **Shri Pravin Mali** Hon'ble Minister of State, Climate Change, Government of Gujarat.

Shri Dharmesh Patel, IAS
Director
Gujarat Energy Development Agency

Dr. Rahul Gupta, IAS
Secretary
Climate Change Department

Share your review

www.sskkamreli.org
info@sskkamreli.org

BCI ગ્લોબલ ટીમની મુલાકાત

સપ્ટેમ્બર મહિનાના મધ્યમાં બેટર કોટન ઇનિશિયેટિવ (BCI)ની ગ્લોબલ ટીમે સંસ્થાના કાર્યક્ષેત્રોની મુલાકાત લીધી. ટીમે ભીલડી, વાંડળીયા અને શેખપીપરિયાના ખેડૂતો તેમજ સંસ્થાની કોર ટીમની મુલાકાત લીધી અને બેટર કોટન કાર્યક્રમના અમલીકરણની સમીક્ષા કરી. આ મુલાકાત દરમિયાન લાઠી, ધોકડવા, ખાંભા, ટિંબી અને ચિતલ-બાબરા પ્રોડ્યુસર યુનિટ્સમાં થઈ રહેલા કાર્યને રજૂ કરવાની અને ગ્લોબલ ટીમ સાથે સીધો પ્રતિસાદ તથા વિચારોનું આદાન-પ્રદાન કરવાની એક મહત્વપૂર્ણ તક હતી.



અસર સર્વે


આ મહિને અમારી ટીમે 'અસર' શિક્ષણ સર્વેમાં ભાગ લીધો હતો જેમાં અમરેલી જિલ્લાના 30 ગામોને આવરી લેવામાં આવ્યા. ૧૯ અને ૨૦ સપ્ટેમ્બરના રોજ ફિલ્ડ સર્વેયરો માટે તબક્કાવાર તાલીમ યોજાઈ હતી. ત્યારબાદ ટીમોએ ગામ, શાળા અને ઘર-પરિવાર સ્તરે સર્વે કરવા માટે વિવિધ વિસ્તારોમાં જઈને કામગીરી હાથ ધરી.





આરોગ્ય કેમ્પ

૨૯ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ જીસીએસ હોસ્પિટલ અને ગ્રામ પંચાયતના સહયોગથી ચરખામાં આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પ પહેલાં સમુદાયના સભ્યોને ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે વિવિધ ગામોમાં જાગૃતિ ફેલાવતા પોસ્ટરોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કેમ્પનો ૧૦૯ લોકોએ લાભ લીધો હતો.








Share your review

www.sskkamreli.org info@sskkamreli.org

સંકલિત કૃષિ વિકાસ અને આજીવિકા વૃદ્ધિ કાર્યક્રમ

IADLE પ્રોજેક્ટ અંતર્ગત સપ્ટેમ્બર મહિના દરમિયાન વિવિધ આયોજિત પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. સમુદાયની ભાગીદારી અને સામૂહિક નિર્ણય પ્રક્રિયાને મજબૂત બનાવવા માટે ખાણ, ખજુદ્રા, ખત્રીવાડા, દુધાળા અને સીમર એમ ૫ ગામોમાં સીએલસી મીટિંગો યોજવામાં આવી હતી. તેમજ ખેડૂતોના પશુ સંભાળ, પોષણ અને વ્યવસ્થાપન પદ્ધતિ અંગેના જ્ઞાનને મજબૂત બનાવવા માટે પશુપાલન તાલીમ યોજવામાં આવી હતી અને પશુઓના આરોગ્ય તથા ઉત્પાદકતામાં સુધારો લાવવા માટે ૬૦ ખેડૂતોને પોષણ કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.







ટકાઉ કૃષિ, સમુદાયિક સંસ્થાઓ અને આજીવિકા વિકાસ અંગે ટીમના જ્ઞાનને મજબૂત બનાવવા માટે ૨૧ – ૨૨ સપ્ટેમ્બરના રોજ ભાવનગર ખાતે ઉત્થાન લોક શિક્ષણ કેન્દ્રમાં બે દિવસનો પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો.








સુધારેલી ખેતી પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને પાકની ઉત્પાદકતા વધારવા માટે ૨૭ ખેડૂતોને ટ્રેલિસ સહાય આપવામાં આવી હતી.





વૈજ્ઞાનિક અને ટકાઉ જીવાત વ્યવસ્થાપન પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ૧૨૦ ખેડૂતોને આઇપીએમ નિદર્શન કિટની સહાય આપવામાં આવી હતી.





Share your review

www.sskkamreli.org info@sskkamreli.org

ટકાઉ કૃષિ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે ૫ ગામોમાં બાયો-ઇનપુટ કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી હતી, જ્યાં બાયો-ઇનપુટની તૈયારી અને ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે બાયોગેસ ટ્યુબ સ્થાપિત કરવામાં આવી હતી.








ઉત્તમ કપાસ કાર્યક્રમ — ક્લસ્ટર અપડેટ્સ

સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન સંસ્થા દ્વારા ધોકડવા, લાઠી, ખાંભા, ચિતલ અને ટિંબી એમ પાંચ ક્લસ્ટરમાં ખેડૂતો સાથે જોડાણ, ટકાઉ અને પુનર્જીવિત કૃષિ, આજીવિકા વિકાસ, ઉદ્યોગસાહસિકતા, ક્ષમતા નિર્માણ, શ્રમિક સલામતી અને સમુદાય સશક્તિકરણને લગતી વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી હતી. મુખ્ય પ્રવૃત્તિઓમાં ખેડૂત અને ફિલ્ડ મુલાકાતો, ડેમોન્સ્ટ્રેશન પ્લોટનું મોનિટરિંગ, ETL અવલોકન, મીડસીઝન અને ટેકનિકલ તાલીમ, ઉદ્યોગસાહસિકોને સહાય, બિઝનેસ પ્લાનિંગ, મશીન અને સિલાઈ મશીનનું વિતરણ, PPE કિટનું વિતરણ, જનજાગૃતિ અભિયાન, કાનૂની અને સામુદાયિક જાગૃતિ કાર્યક્રમો તેમજ વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને બાયોગેસ જેવી પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

















Share your review

www.sskkamreli.org info@sskkamreli.org

FPO અને FPC મેનેજમેન્ટ તાલીમ ૨૮ સપ્ટેમ્બરના રોજ ટિંબી ખાતે યોજવામાં આવી હતી.








ઉદ્યોગસાહસિકોના બિઝનેસ પ્લાન અંગેની તાલીમ ૨૪ અને ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ અમરેલી ખાતે યોજવામાં આવી હતી. તાલીમમાં કુલ ૨૮ ઉદ્યોગસાહસિકોએ ભાગ લીધો હતો








પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના સહયોગથી શેડુભાર ગામની ૧૫ મહિલાઓને શાકભાજીની કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ચિતલ અને જસવંતગઢની ૪ મહિલાઓએ ૨૯ અને ૩૦ સપ્ટેમ્બરના રોજ મુંદ્રા ખારેક સંશોધન કેન્દ્રની મુલાકાત લીધી હતી.









Share your review

www.sskkamreli.org info@sskkamreli.org

૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ચિતલ ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું.



જરખિયા ગામની ૨૧ મહિલાઓએ RSETI દ્વારા ૧૮ થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૬ દરમિયાન ૧૨ દિવસની ઈમિટેશન જ્વેલરી બનાવવાની તાલીમ મેળવી હતી.











૨૫ સપ્ટેમ્બરના રોજ જરખિયા ગામની મહિલાઓ માટે કાનૂની અધિકારો અને વિવિધ કાનૂની મુદ્દાઓ અંગે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. લિગલ એઈડ સેન્ટર, લાઠી દ્વારા મહિલાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.





ફિલ્ડ વિસ્તારના લાભાર્થીઓને ટકાઉ આજીવિકા બુકલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.





ગ્રામીણ સમુદાયોની આત્મનિર્ભરતા અને સ્થિતિસ્થાપકતામાં સુધાર કાર્યક્રમ

ડિજિટલ અને નાણાકીય સાક્ષરતા તાલીમ

૪ ગામોમાં નાણાકીય જોડાણ શિબિરો યોજવામાં આવી, જેમાં સરકારી યોજનાઓ, i-Khedut પોર્ટલની સેવાઓ અને રેશનકાર્ડ e-KYC અંગે જાગૃતિ અને માર્ગદર્શન આપવામાં આવ્યું.





૨ ગામોમાં ૮૪ સહભાગીઓને ડિજિટલ સાક્ષરતા, નાણાકીય આયોજન, બચત, લોન, વીમો, નાણાકીય છેતરપિંડીથી બચાવ અને સરકારી પોર્ટલ અંગે તાલીમ આપવામાં આવી.





Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here

GREATNONPROFITS 2023 TOP-RATED NONPROFIT

TRANSPARENCY CERTIFIED GuideStarIndia GOLD VALID TILL JUN 2021 AWARDED TO GSN 556 Shikshan Ane Samaj Kalyan Kendra

Commitment to Transparency Verified. Valid till Dec 2023 GuideStarIndia Organisation shares proof of filing its Income Tax Return for FY 2021-22 on www.guidestarindia.org

Share your review

www.sskkamreli.org info@sskkamreli.org